# GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION






# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## સાતમો વાર્ષિક અહેવાલ ૨૦૦૫ - ૨૦૦૬

પહેલો માળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૨૦૦૫-૨૦૦૬ ના વર્ષ માટે
## સાતમો વાર્ષિક અહેવાલ

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No.............

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯

૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૧૦૫(૨) અન્વયે આયોગ ૨૦૦૫-૦૬ના વર્ષ માટે સાતમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

**પી. એસ. શાહ**
સચિવ
ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વતી

# વિષય-સૂચિ


<u>વિષયો</u>

૧. આયોગનો વ્યવસ્થાલક્ષીય ચાર્ટ

(ક) આયોગ

(ખ) આયોગની કચેરી

(ગ) સ્ટાફ

(ઘ) પૂર્વજરૂરી સગવડો

૨. આયોગના કાર્યો

૩. રાજ્ય સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો

૪. સને ૨૦૦૫-૨૦૦૬ની પ્રવૃતિઓ

(ક) પ્રશુલ્ક નક્કી કરવું

(ખ) આયોગે જાહેર કરેલા એવોર્ડ અને આપેલા આદેશો

(ગ) લાઈસન્સ મંજૂર કરવા અને

(ઘ) સેવાની સલામતી, ગુણવત્તા અને વિશ્વસનીયતા અને તેને લગતાં ધોરણો નિયત કરવાં.

(ચ) વિતરણ પરવાનેદારોની ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા, રાજ્યમાં વીજળીના પ્રવાહન, વ્હીલીંગ, વિતરણ, પુરવઠા અને ઉપયોગ અંગે (નિયંત્રક પ્રવૃતિઓ) નિયમોમાં આવરી લેવામાં આવેલ છે.

(છ) તકરારો અને મતભેદોના ન્યાય-નિર્ણય

(ઝ) આયોગે બીજા કરેલ કાર્યો

૫. હિસાબના વાર્ષિક પત્રકો

# જોડાણો

| | |
|---|---|
| જોડાણ.૧.૧ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં નિકાલ કરાયેલ અરજીઓ |
| જોડાણ.૧.૨ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં નિકાલ કરાયેલ વિવાદ અરજીઓ (અપીલ) |
| જોડાણ.૨.૧ | આયોગની આંતરિક સ્થિતિ |
| જોડાણ.૨.૨ | આયોગની વ્યવસ્થાલક્ષીય અધિશ્રેણી |
| જોડાણ.૩.૧ | આયોગ દ્વારા જાહેર કરાયેલ વિનિયમોની યાદી |
| જોડાણ.૪.૧ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં ઓમ્બુડસમેન દ્વારા મળેલી ફરિયાદોનું સ્વરૂપ |
| જોડાણ.૪.૨ | ૨૦૦૫-૦૬ના વર્ષમાં સંબંધિત ફોરમના હુકમો સામે સંખ્યાબંધ રજૂઆતોની વિગતો |

# ઝાંખીઓ

આયોગના સાતમા વાર્ષિક અહેવાલમાં ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં આયોગે બજાવેલી પ્રવૃતિઓ રજૂ કરવામાં આવી છે. પસાર કરેલા મહત્વના હુકમો, હાજર રહેલ/ યોજેલ બેઠકો વગેરે અંગેનો સર્વાંગી અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

આયોગે કરેલી મહત્વની પ્રવૃતિઓ અને સિદ્ધિઓની ઝાંખીઓ નીચે દર્શાવી છે.

- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ટોરેન્ટ પાવર, સુરત વીજળી કંપની વચ્ચે ૨૩ માર્ચ, ૨૦૦૬ના રોજ જથ્થાબંધ પુરવઠા પ્રશુલ્કનો નિર્ણય
- નીચેના ત્રણ વિનિયમોની જાહેરાત
  - ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ ખુલ્લા પ્રવેશનો વિનિયમ
  - ૨૯ ઓક્ટોબર ૨૦૦૫ના રોજ વિતરણ પરવાનેદાર દ્વારા સહ-વીજ ઉત્પાદન અને નવીકરણપાત્ર સ્રોતોમાંથી વીજળીની પ્રાપ્તિ
- ફેબ્રુઆરી-૨૦૦૬નો વ્હીલીંગ ચાર્જ, પ્રવાહન ચાર્જ અને પ્રતિ-સહાયકી સરચાર્જ અંગેનો આદેશ
- ટોરેન્ટ પાવર સુરત વીજળી કંપની, ટોરેન્ટ પાવર અમદાવાદ વીજળી કંપની લિમિટેડ અને ટોરેન્ટ પાવર વીજ-ઉત્પાદન કંપની લિમિટેડ વચ્ચેનો ૨૩ ડીસેમ્બર, ૨૦૦૫ના વીજળી ખરીદી કરારની મંજૂરી.
- ૪૪ અરજીઓ અને ૧૮ વિવાદ અરજીઓનો નિકાલ. ઓમ્બુડસમેનની કચેરીને મળેલ ૮ રજૂઆતોમાંથી ૭ નો નિકાલ

  - નીચેની બેઠકોનું આયોજન કર્યુ.

- ૩૦ ઓગષ્ટ ૨૦૦૫ના રોજ રાજ્ય સલાહકાર સમિતિની બેઠક
- ૫ જાન્યુઆરી ૨૦૦૬ના રોજ ગ્રાહક ફોરમ અને ઓમ્બુડસમેનની બેઠક
- ૧૮ મે ૨૦૦૫ના રોજ સંકલન ફોરમની બેઠક

- **નીચેની બેઠકોમાં આયોગની હાજરી**

- ભારતીય નિયંત્રકો ફોરમની ત્રણ બેઠકો (FOIR)
- નિયંત્રકોના(FOR) ફોરમની બેઠકમાં હાજરી આપી.

- **નીચેના વર્કશોપ યોજ્યા:**

- "રિએક્ટિવ પાવર" - ૨૯ થી ૩૦ સપ્ટેમ્બર,૨૦૦૫
- "MRI ઇન્ટરપ્રીટેશન" ૪ થી ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ
- "ઇન્ટ્રા સ્ટેટ એબીટી : ઇશ્યુઝ, એન્ડ ચેલેન્જીસ" ૯, ડીસેમ્બર - ૨૦૦૫

- સ્ટાફે નીચેના સ્થાનિક તાલીમ કાર્યક્રમમાં હાજરી આપી.

- ઇજનેરી સ્ટાફ કોલેજ, હૈદ્રાબાદ ખાતે બે કાર્યક્રમો
- ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, દિલ્હી ખાતે કાર્યક્રમ
- ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, બનારસ હિંદુ યુનિવર્સિટી ખાતે એક પરિષદ

- કર્મચારીઓ દ્વારા નીચેના તાલીમ કાર્યક્રમો અંગે વિદેશની મુલાકાત

* PURC, યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા, યુએસએ ખાતે ઉપયોગિતા વિનિયમ અને વ્યૂહ અંગે ૧૮ મો આંતરરાષ્ટ્રીય તાલીમ કાર્યક્રમ

* સાઉથ એશિયન પ્રદેશમાં નવી રચાયેલી નિયંત્રક સંસ્થાઓમાં વીજળી ક્ષેત્રના પ્રશુલ્ક અને દર નિર્ધારણ અંગે ઇસ્લામાબાદ, પાકિસ્તાન ખાતે યુએસએઇડ(USAID) પુરસ્કૃત વર્કશોપ

## ૧. આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ :

### (ક) આયોગ :

શ્રી જી.સુબ્બારાવ આયોગના અધ્યક્ષ છે. તેના સભ્યો શ્રી. કે.પી.ગુપ્તા અને શ્રી. મનમોહન છે.

### (ખ) આયોગની કચેરી :

આયોગની કચેરીના વહીવટી વડા સચિવ, શ્રી.પી.એસ.શાહ આઇએએસ છે, જેઓએ ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૪થી હવાલો સંભાળ્યો છે. આ કચેરી, સાબરમતી નદીના કિનારા નજીક, આશ્રમ રોડ પર નેપ્ચ્યુન ટાવરવાળા ભાડાના મકાનમાં પહેલા માળ ઉપર આવેલી છે.

### (ગ) સ્ટાફ :

આયોગના સ્ટાફની સીધી ભરતી અથવા કરાર અથવા પ્રતિનિયુક્તિથી નિમણુંક કરવામાં આવે છે, પત્રક-૨.૧ આયોગની અંદરના સ્ટાફની સ્થિતિ અને જોડાણ-૨.૨ વ્યવસ્થાપકીય ચાર્ટ દર્શાવે છે.

### સ્ટાફ પદધારીઓ તેમના હોદ્દા સાથે નીચે દર્શાવેલ છે.

| ક્રમ નં. | કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી.પી.એસ.શાહ | સચિવ |
| ૨. | શ્રી.બી.એસ.જયસ્વાલ | સલાહકાર (કાનૂની) |
| ૩. | શ્રી.એમ.બી.ભલગામા | નાયબ નિયામક (વહીવટ અને હિસાબ) |
| ૪. | શ્રી.બી.પી.કુંડલીયા | નાયબ નિયામક(નાણા) |
| ૫. | શ્રી.આર.એચ.શાહ | નાયબ નિયામક (ટેકનીકલ-૧) |
| ૬. | શ્રી.ડી.આર.પરમાર | નાયબ નિયામક (ટેકનીકલ-૨) |
| ૭. | શ્રી.એસ.આર.પાંડે | નાયબ નિયામક (કાનૂની) (ટેરીફ) |
| ૮. | શ્રી.એમ.ટી.રાણા | હિસાબી અધિકારી |
| ૯. | શ્રી.ડી.આર.પરમાર | એકઝીક્યુટીવ |
| ૧૦. | શ્રી.ડી.ટી.શાહ | એકઝીક્યુટીવ |
| ૧૧. | શ્રી.એન.બી.પટેલ | એકઝીક્યુટીવ |
| ૧૨. | શ્રીમતી.ડી.એસ.મહેતા | એકઝીક્યુટીવ |
| ૧૩. | શ્રી.કે.એલ.કાયસ્થ | એકઝીક્યુટીવ |
| ૧૪. | શ્રી.પી.આર.સસી | અંગત મદદનીશ |
| ૧૫. | શ્રી.બેબી વર્ગીસ | અંગત મદદનીશ |
| ૧૬. | શ્રી.આર.જી.પિલ્લાઇ | અંગત મદદનીશ |
| ૧૭. | શ્રીમતી.પી.એ.ક્રિશ્ચિયન | અંગત મદદનીશ |
| ૧૮. | શ્રી.આર.પી.નાયર | અંગત મદદનીશ |

## (ઘ) પૂર્વ જરૂરી સગવડો :

કચેરીનું મકાન : આયોગની કચેરીમાં કેસોની સુનાવણી અને નિકાલ માટે એક ખાસ કોર્ટ-રૂમ છે, મકાનમાં ગ્રંથાલય અને સમિતિ ખંડ છે.

**સ્થાનિક વિસ્તાર નેટવર્ક :**

આયોગના બધા કોમ્પ્યુટરને કોઇપણ સંદર્ભ કાગળો અને અહેવાલો મેળવવા સ્થાનિક વિસ્તાર નેટવર્ક મારફત આંતરિક વેબ-સાઇટ સાથે સાંકળેલ છે.

**મકાનમાં વિકસાવેલ વેબસાઇટ :**

વેબસાઇટ www.gercin.org ને મકાનમાં વિકસાવેલ છે અને આયોગનું સચિવાલય તેની જાળવણી કરીને અદ્યતન પણ રાખે છે. વેબસાઇટમાં- આયોગની રૂપરેખા અને કાર્યો, તેના સ્ટાફની વિગતો, જાહેર કરેલા વિનિયમો, પ્રશુલ્ક આદેશો અને આપેલા ન્યાય-નિર્ણયો, સલાહકારોના અહેવાલો, વાર્ષિક અહેવાલ, આરટીઆઇ અધિનિયમ હેઠળ PAD, સુનાવણી અનુસૂચિમાં તથા અન્ય નિયંત્રક આયોગની વેબસાઇટ સાથે જોડાણોને લગતી માહિતી આવરી લીધી છે.

**ગ્રંથાલય :**

ગ્રંથાલયના ખંડમાં મુખ્યત્વે આયોગનાં કાર્યોમાં કામ આવે તેવું સાહિત્ય સમાવિષ્ટ છે. ગ્રંથાલય જરૂરી ન્યાયવિષયક સંદર્ભોની સલાહ અંગે આયોગને મદદ કરવા સર્વોચ્ચ અદાલતના કેસોનું એકલા ઉપભોકતાનો પરવાનો ધરાવે છે.

# ૨. આયોગનાં કાર્યો

૨૦૦૩ના વીજળી અધિનિયમનું ધ્યેય વીજ-ઉત્પાદન, પ્રવાહન, વહેંચણી, વીજ-વેપાર અને ઉપયોગને લગતા કાયદાઓ એકત્રિત કરવાનો, સામાન્ય રીતે વીજ ઉદ્યોગના વિકાસને વાહક પગલા લેવા, તેમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવું, તમામ વિસ્તારોને વીજળી પૂરી પાડવી, વીજળી પ્રશુલ્કનું સુયોજન, સહાયકીને લગતી પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવાનો, કાર્યક્ષમ અને પર્યાવરણને હિતકારક નીતિઓને ઉત્તેજન, મધ્યસ્થ વીજળી તંત્ર, નિયંત્રણ આયોગોની રચના તથા એપેલેટ ટ્રીબ્યુનલની સ્થાપના કરવાનો છે. તે, ગ્રાહકો તેમજ વીજળીના પૂરવઠા કારોના હિતને લક્ષમાં રાખીને, ખુલ્લા, નિષ્પક્ષ, સ્પર્ધાત્મક, બજાર લક્ષી પર્યાવરણમાં વીજળી ક્ષેત્રના વિકાસને વાહક સક્ષમ માળખું ઉભું કરવા માંગે છે,

## કાર્યો :

૨૦૦૩ના વીજળી અધિનિયમ અનુસાર, આયોગે નીચેનાં કાર્યો બજાવવાનાં છે:

(ક) રાજયની અંદર જથ્થાબંધ, મોટા જથ્થામાં કે છૂટક, યથાપ્રસંગ જે હોય તે પ્રમાણે વીજળીના ઉત્પાદન, પૂરવઠા, પ્રવાહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું. પરંતુ, કલમ-૪૨ હેઠળના ગ્રાહકોના વર્ગને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં, રાજય આયોગ, ઉપર્યુક્ત વર્ગના ગ્રાહકો માટે તેના પર કોઇ વ્હીલીંગ ચાર્જ અને સરચાર્જ હોય તો તે જ નક્કી કરે છે.

(ખ) રાજયની અંદર વિતરણ અને પૂરવઠા માટે વીજળી ખરીદી માટેના કરારો મારફત વીજ ઉત્પાદન કંપનીઓ, કે પરવાનેદારો અથવા બીજા સ્ત્રોતોમાંથી જે ભાવે વીજળી મેળવવાની હોય તે સહિત વિતરણ પરવાનેદારોની વીજળી ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા નિયંત્રિત કરવી.

(ગ) આંતર્-રાજય વીજ પ્રવાહન અને વ્હીલીંગને સગવડ કરી આપવી,

(ઘ) રાજયની અંદર પ્રવાહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વીજળીના વેપારીઓ તરીકે કામ કરવા માંગતી વ્યક્તિઓને તેમની કામગીરી માટે પરવાના આપવા.

(ચ) ગ્રીડ સાથે જોડાણ કરવા તથા કોઇ વ્યક્તિને વીજળીનું વેચાણ કરવા યોગ્ય પગલાં લઇને વીજળીના નવીનીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહ-ઉત્પાદન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ પરવાનાના ક્ષેત્રમાં વીજળીના વપરાશની ટકાવારી પણ નિર્દિષ્ટ કરવી.

(છ) પરવાનેદારો, અને વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારનો ન્યાય-નિર્ણય આપવો અને કોઇ તકરાર લવાદને સોંપવી,

(જ) આ અધિનિયમના હેતુ માટે ફી વસૂલ કરવી,

(ઝ) કલમ-૭૯ને પેટા-કલમ(૧)ના ખંડ(ખ) અન્વયે નિર્દિષ્ટ ગ્રીડ-કોડ સાથે સુસંગત રાજય ગ્રીડ-કોડ નિર્દિષ્ટ કરવો,

(ટ) પરવાનેદારો દ્વારા સર્વિસની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનીયતા અંગેના ધોરણો નિર્દિષ્ટ કરવા કે અમલમાં મૂકવાં,

(ઠ) જરૂરી જણાય તો, વીજળીના આંતર્-રાજ્ય વેપારમાં વેપારની સીમા(માર્જિન) નક્કી કરવી,

(ડ) વીજ-ખરીદી સમજૂતિઓની મંજૂરી, અને,

(ઢ) આ અધિનિયમ હેઠળ સોંપેલાં આવા બીજા કાર્યો બજાવવા.

## ૩. સલાહકાર સમિતિ અને તેના કાર્યો :

વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૮૭ અન્વયે રાજ્ય સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં અગિયાર(૧૧) સભ્યોનો સમાવેશ થાય છે, તેઓ વીજળી સેક્ટરમાં, વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ઘરેલુ ગ્રાહકો, બિન-સરકારી સંસ્થાઓ અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. સલાહકાર સમિતિ આયોગને નીચેની બાબતો અંગે સલાહ આપે છે

(૧) નીતિ વિષયક પ્રશ્નો.

(૨) પરવાનેદારો દ્વારા પૂરી પડાતી સર્વિસની ગુણવત્તા, સાતત્ય અને વ્યાપને લગતી બાબતો.

(૩) પરવાનેદારો દ્વારા તેમના પરવાનાની શરતો અને જરૂરીયાતોનું પાલન.

(૪) ગ્રાહક હિતનું રક્ષણ, અને.

(૫) યુટિલિટિ દ્વારા વીજ પૂરવઠો અને કામગીરીનાં એકંદર ધોરણો.

એક બેઠક ૩૦ ઓગષ્ટ ૨૦૦૫ના રોજ ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષ દરમ્યાન યોજવામાં આવી હતી. અન-બંડલિંગ પ્રક્રિયા-તેના સુયોજન તેના સમય-માળખા અને તેના લાભો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ઉર્જા કાર્યક્ષમતા, જાગરૂકતા કાર્યક્રમ, વિનિયમો ઘડવા વગેરે પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ૪. ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષ દરમ્યાન પ્રવૃતિઓ :

### (ક) પ્રશુલ્ક નક્કી કરવું.

### પ્રશુલ્ક સુયોજન આદેશ- તા. ૨૩-૩-૨૦૦૬

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, ટોરેન્ટ પાવર એસઇસી લિમિટેડ (TPSL)ને ચાર્જ કરાતા પ્રશુલ્કમાં સુધારો કરવાની માંગણી કરવા આયોગ સમક્ષ ૨૩ જૂન ૨૦૦૫ના રોજ અરજીઓ દાખલ કરી હતી. આયોગે તેના ૨૩-૩-૦૬ના આદેશ દ્વારા આ અરજીઓનો નિર્ણય કર્યો હતો. અને TPSL દ્વારા GUVNLને ચૂકવવાના પ્રશુલ્કમાં યુનિટદીઠ અંદાજે ૧૧ પૈસાનો વધારો કર્યો હતો. ગ્રાહકના પ્રશુલ્કમાં કોઇ ફેરફાર કર્યો ન હતો.

ગુ.વિ.બોર્ડની છૂટી પડાયેલી યુટિલિટિ દ્વારા એઆરઆર અને પ્રશુલ્કની સમીક્ષા માટે ફાઇલ દાખલ કરેલ. જાન્યુઆરી ૨૦૦૬ના પ્રથમ અઠવાડિયામાં, ભૂતપૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડની છૂટી પડેલી ચાર વિતરણ કંપનીઓ, પ્રવાહન કંપની- (ગુજરાત વીજળી પ્રવાહન કંપની લિમિટેડ) અને વીજ ઉત્પાદન કંપની- (ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડે) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માટે અને તે પછીના સમય માટે એઆરઆર અને પ્રશુલ્ક સુયોજન દરખાસ્તો દાખલ કરી હતી. બે મહિના જેટલું મોડું થયું હોવા છતાં, વપરાશકારો,યુટિલિટિ અને ગ્રાહકોના વિશાળ હિતમાં અરજીઓ સ્વીકારવામાં આવી હતી, દાખલ કરાયેલી અરજીઓનું સૌથી મહત્વનું પાસુ હતું- તેમના ગ્રાહક મિશ્ર અને નાણાકિય સદ્ધરતાને પૂરક બને તે રીતે તેઓની વચ્ચે ઇક્વિટી અને લોનની ફેર વહેંચણી દર્શાવતા યુટિલિટિનાં સરવૈયા. કિ.વો. દીઠ માંગણા-ચાર્જ હોય તેવા છૂટક પ્રશુલ્ક સાથે પ્રશુલ્ક વધારવાની અને ઉચ્ચ વીજળી ફેક્ટર જાળવવા પ્રોત્સાહન દૂર કરવા માંગણી કરાઇ હતી. એઆરઆર ફાઇલિંગનો નિર્ણય ૬ મે-૨૦૦૬ના રોજ કરવામાં આવ્યો હતો.

### (ખ) આયોગે જાહેર કરેલા ચુકાદા અને કરેલા આદેશો :-

### અરજીઓ:

૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન આયોગે ૧૦૧ અરજીઓ હાથ ધરી હતી. જેમાંથી ૭૦ અરજીઓ આગલા વર્ષથી આગળ ખેંચી હતી. અને ૩૧ અરજીઓ ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં દાખલ કરવામાં આવી હતી. ૧૦૧ અરજીઓમાંથી, ૨૦૦૫-૦૬ દરમ્યાન ૪૪ અરજીઓનો નિકાલ કરાયો હતો. જ્યારે બાકીની અરજીઓની પ્રક્રિયા ચાલુ રહી હતી. ૨૦૦૫-૦૬માં નિકાલ કરાયેલ અરજીઓની વિગતો જોડાણ-૧.૧માં આપી છે.


### વિવાદ અરજીઓ :

૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન કમિશને ૪૬ વિવાદ અરજીઓ હાથ ધરી હતી, જેમાંથી ૨૪ વિવાદ અરજીઓ આગલા વર્ષથી આગળ ખેંચી હતી. અને ૨૨ વિવાદ અરજીઓ૨૦૦૫-૦૬માં દાખલ કરી હતી. આ પૈકી ૧૮ વિવાદ અરજીઓનો ૨૦૦૫-૦૬ દરમ્યાન નિકાલ કરાયો હતો અને એ બાકીની વિવાદ અરજીઓમાં આગામી વર્ષે નિકાલ કરવામાં આવશે.

૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં નિકાલ કરેલ વિવાદ અરજીઓની સંખ્યા જોડાણ-૧૨માં આપી છે.

આયોગ પાસે નિકાલ બાકી અરજીઓ અને વિવાદ અરજીઓની છેલ્લાંમાં છેલ્લી સ્થિતિ નીચેના કોઠામાં અને બાજુના પૃષ્ઠ પરના ચાર્ટમાં દર્શાવી છે.

| બાબત | ૧-૧૧-૦૫ની રોજ બાકી | ૧-૧૧-૦૫થી ૩૧-૧૦-૦૬ સુધીમાં મળેલ | સરવાળો | ૩૦-૧૧-૨૦૦૬ સુધીમાં નિકાલ કરેલ | ૩૦-૧૧-૨૦૦૬ ના રોજ બાકી |
|---|---|---|---|---|---|
| અરજી | ૫૭ | ૩૪ | ૯૧ | ૫૮ | ૩૩ |
| વિવાદ અરજી | ૨૯ | ૧૮ | ૪૭ | ૪૫ | ૨ |


૧૧૦
૧૦૦
૯૦
૮૦
૭૦
૬૦
૫૦
૪૦
૩૦
૨૦
૧૦
૦
૧-૧૧-૨૦૦૫ થી ૩૧-૧૦-૨૦૦૬ દરમ્યાન મળેલ અરજીઓ ૩૪
૧-૧૧-૨૦૦૫ ના રોજ નિકાલ કરવાની બાકી અરજીઓ ૫૭
૩૦-૧૧-૨૦૦૬ સુધીમાં નિકાલ કરેલ અરજીઓ ૫૮
૩૦-૧૧-૨૦૦૬ ના રોજ નિકાલ કરવાની બાકી અરજીઓ ૩૩
૧-૧૧-૨૦૦૫ થી ૩૧-૧૦-૨૦૦૬ દરમ્યાન મળેલ અરજીઓ ૧૮
૧-૧૧-૨૦૦૫ ના રોજ નિકાલ કરવાની બાકી અરજીઓ ૨૯
૩૦-૧૧-૨૦૦૬ સુધીમાં નિકાલ કરેલ અરજીઓ ૪૫
૩૦-૧૧-૨૦૦૬ ના રોજ નિકાલ કરવાની બાકી અરજીઓ ૨
નવેમ્બર ૨૦૦૫ થી નવેમ્બર ૨૦૦૬
નવેમ્બર ૨૦૦૫ થી નવેમ્બર ૨૦૦૬
અરજીઓ
વિવાદ અરજીઓ

## મુખ્ય આદેશ :

### વીજ-ખરીદી કરારને મંજૂરી (આદેશ તા.૨૩-૧૨-૦૫)

વધતી માંગ અને અપૂરતા પુરવઠાનો ઉલ્લેખ કરીને, ટોરેન્ટ પાવર સૂરત ઇલેક્ટ્રીસીટી કંપની લીમીટેડ, ટોરેન્ટ પાવર જનરેશન લીમીટેડ(TPGL) સાથે વીજ-ખરીદી કરાર મંજૂરી માટે રજૂ કર્યો હતો. ટીપીજીએલ(TPGL)- એ ૧૧૨૮ મેગા વોટનો પાવર પ્લાન્ટ સ્થાપ્યો છે. ટીપીએસએલ ૫૦% વીજળી ખરીદશે અને ટીપીએએલ ૨૫%ની વીજળી ખરીદી કરશે.

આ બાબત આયોગ તા.૨૩-૧૨-૦૫ના રોજ આદેશ બહાર પાડ્યો છે. આદેશ બહાર પાડતા પહેલાં પરિયોજના અંગે લોકો માટે જાહેર ખબર આપવામાં આવી હતી. સૂચિત પરિયોજનાની વિગતો અને PPA આયોગની વેબસાઇટ પર મૂકવામાં આંવ્યા હતાં.

### (ગ) પરવાના આપવા

આયોગને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષ દરમ્યાન પરવાનાની કોઇ નવી અરજી મળી ન હતી.

### (ઘ) ધોરણો નક્કી કરવા

### મુસદ્દારૂપ વિનિયમો, સંહિતા અને ધોરણો

૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષ દરમ્યાન ત્રણ મુસદ્દારૂપ વિનિયમો જાહેર કરાયા હતાં. તેને આખરીરૂપ આપવાનું કામ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ૨૦૦૫ના કામકાજ સંચાલન વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહી યોગ્ય રીતે અનુસરીને કરવામાં આવ્યું હતું. આ વિનિયમોના મુસદ્દા,લોકોના અભિપ્રાય મંગાવવા અંગ્રેજી અને ગુજરાતી વર્તમાનપત્રોમાં તે અંગેની અખબારી નોંધો મોક્લાવ્યા પછી આયોગની વેબસાઇટ પર મૂકવામાં આવ્યા હતાં. વિનિયમોને આખરીરૂપ આપતા પહેલાં અભિપ્રાયો અને વાંધા વિચારણામાં લીધા હતાં.

૩૧.માર્ચ-૦૬ની તારીખ સુધીમાં જાહેર કરાયેલા વિનિયમોની યાદી જોડાણ ૩-૧માં આપી છે. નિયમોની ટુંકી યાદી નીચે પ્રમાણે આપેલ છે.

## ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં જાહેર કરેલા વિનિયમો

### ૨૦૦૪ના વિનિયમો નં.૦૨: કામકાજ સંચાલન વિનિયમો
### જાહેરનામું તા.૨૫,ઓગષ્ટ-૨૦૦૪

કામકાજ સંચાલન વિનિયમો, આયોગ સમક્ષની કાર્યવાહી અને આયોગના વેપારની લેવડ-દેવડ, તપાસ, પૂછપરછ અને માહિતી એકત્રિકરણ, નિર્ણયો કે આદેશોની સમીક્ષા, વગેરેનો સમાવેશ થાય છે.

## ૨૦૦૪નો વિનિયમ નં.૩ : ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે વિદ્યુત લોકપાલ (ઓમ્બુડસમેન)ની સ્થાપના :

### જાહેરનામા તા.૨૫, ઓગષ્ટ-૨૦૦૪

ફોરમના આદેશો સામે ગ્રાહકોની રજુઆતના નિવારણ માટે ગુજરાત રાજયમાં ઓમ્બુડસમેનની નિમણૂંક અને કામગીરી અંગે આ વિનિયમ જોગવાઇ કરે છે.

## ૨૦૦૪નો વિનિયમ નં.૪ : ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની સ્થાપના :

### જાહેરનામા તારીખ: ૨૫ ઓગષ્ટ-૨૦૦૪

આ જાહેરનામામાં, રાજયના દરેક પરવાનેદારે ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમ સ્થાપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ પૂરી પાડી છે.

## ૨૦૦૪નો વિનિયમ નં.૫- ગ્રિડ કોડ

### જાહેરનામા તારીખ:૨૫, ઓગષ્ટ-૨૦૦૪:

એસટીયુ/પ્રવાહન પરવાનેદારો અને સિસ્ટમ સાથે સંકળાયેલ અન્ય તમામ ઉપભોકતાઓએ, અનુસરવાની ટેકનિકલ અને કાર્યવાહી વિષયક ફરજો નિર્દિષ્ટ કરીને, કાર્યક્ષમતા, સંકલિત તથા કરકસરયુક્ત સિસ્ટમના વિકાસ, સંચાલન અને જાળવણી સુગમ કરવા ગ્રીડ કોડ, રાજય વીજળી ગ્રીડને લાગુ પાડવામાં આવે છે. ગ્રીડ કોડ માત્ર ગુજરાત વીજળી ગ્રીડને લાગુ પડે છે અને આંતર-રાજય પ્રવાહન માટે ભારતીય વીજળી ગ્રીડ કોડ લાગુ પડશે.

## ૨૦૦૪નો વિનિયમ નં.૬ : વિતરણ કોડ:

### જાહેરનામા તારીખ.૨૫ ઓગષ્ટ-૨૦૦૪

વિતરણ કોડ, વીજળી પુરવઠાના ટેકનિકલ પાસાની છણાવટ કરે છે, જેની પરવાનેદારો દ્વારા પૂરી પડાતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનીયતા પર તથા ગુજરાતની અંદર વીજળી વિતરણ માટેના પરવાનેદારની વિતરણ સિસ્ટમના ઉપયોગ પર અસર પાડે છે. તેમાં સિસ્ટમના આયોજન અને સંચાલન બાબત વિતરણ પરવાનેદારોએ અને ઉપભોકતાઓના હક્કો અને ફરજો મુકરર કર્યા છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૧ : અપીલ સત્તા વિનિયમો :

### જાહેરનામું તારીખ. ૭ જાન્યુઆરી-૨૦૦૫

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૧૨૭ અન્વયે અપીલ સત્તા સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપદ્ધતિ આ વિનિયમમાં મુકરર કરી છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૨ : પ્રવાહન લાઇસન્સ આપવું :

### જાહેરનામા તારીખ ૩૦ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં પ્રવાહન લાઇસન્સ મેળવવા, લાયકાત જરૂરિયાતો, અરજી દાખલ કરવાની કાર્યપદ્ધતિ અને શરતો માટે જોગવાઇ કરી છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૩ : વીજળીના વેપાર માટે લાઇસન્સ આપવું :

### જાહેરનામા તારીખ ૩૦ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં આંતર-રાજય વેપાર માટે લાઇસન્સ મંજૂર કરવા અને લાયકાત જરૂરીયાતો, કાર્યવાહી તથા વેપાર લાઇસન્સ મેળવવાની શરતોની જોગવાઇ કરી છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૪ : વીજળીની વહેંચણી માટે લાઇસન્સ આપવા :

### જાહેરનામા તારીખ ૩૦ માર્ચ-૨૦૦૫

આ વિનિયમ વહેંચણી માટેનો પરવાનો આપવા તથા પરવાનો મેળવવા માટે લાયકાતો અને શરતોની પદ્ધતિ નક્કી કરી આપે છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૫

### એસએલડીસી દ્વારા ફી અને ચાર્જ નાખવાં અને વસૂલ કરવાં અંગે :

### જાહેરનામા તારીખ : ૩૦ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં એસએલડીસીને ચૂકવવાના ફી અને ચાર્જ નાખવા અને વસૂલ કરવાની માર્ગદર્શક સૂચનાઓ નિર્દિષ્ટ કરી છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૬ : ફી, દંડ અને ચાર્જ વિનિયમો :

### જાહેરનામું તારીખ: ૩૦ માર્ચ-૨૦૦૫

આ વિનિયમ, ૨૦૦૩ના વીજળી અધિનિયમ હેઠળ ઘડાયેલા અધિનિયમો, નિયમો, વિનિયમો કે કોડ અથવા આયોગના આદેશો કે હુકમોનો જોગવાઇઓ કે આવશ્યકતાઓનું પાલન નહીં કરવા કે ઉલ્લંઘન કરવા બદલ ફીની વસૂલાત તથા દંડ કે ચાર્જ નાખવા અંગેની કાર્યપદ્ધતિ નિર્દિષ્ટ કરે છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૭ : વીજ પદ્ધતિ વ્યવસ્થા ધોરણો :

### જાહેરનામા તારીખ : ૩૦ માર્ચ-૨૦૦૫

આ ધોરણો ગ્રીડ કોડને પૂરક છે, જે વીજ ઉત્પાદન, વીજ પ્રવાહન અને વીજ વિતરણ સહિત વીજ-સિસ્ટમના સંચાલન અને વ્યવસ્થા માટેની માર્ગદર્શક સૂચનાઓ પૂરી પાડે છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૮ : જામીનગીરી અનામત વિનિયમો :

### જાહેરનામા તારીખ : ૩૧ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં, પરવાનેદારે પૂરી પાડેલ/ પૂરી પાડવાની વીજળી માટે જામીન અનામત વસૂલ કરવાની કાર્યપદ્ધતિ જણાવી છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૯ : વીજ પુરવઠો મોકલવા કરેલ ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની પરવાનેદારની સત્તા :

### જાહેરનામું તારીખ : ૩૧ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં પરવાનેદાર દ્વારા પુરવઠો પૂરો પાડવાનું ખર્ચ અને અન્ય પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવાની કાર્યપદ્ધતિ અને દરો નિર્દિષ્ટ કર્યા છે.

## ૨૦૦૫નો વિનિયમનાં ૧૦ : વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ :

### જાહેરનામા તારીખ:૩૧ માર્ચ-૨૦૦૫

આ વિનિયમોમાં, ગુણવત્તાવાળો અને વિશ્વસનીય વીજ પુરવઠો, સેવાની ગુણવત્તા અને સલામતી પૂરા પાડવાં તથા ધોરણો મુજબ કામગીરીનું પાલન ન થાય તો દંડના ધોરણો નિયત કર્યા છે.

## ૨૦૦૫નો વિનિયમ નં.૧૨ : પ્રશુલ્કની શરતો :

### જાહેરનામા તારીખ :૩૧ માર્ચ-૨૦૦૫

આ વિનિયમમાં, વીજ ઉત્પાદન, પ્રવાહન અને છૂટક પુરવઠા(વિતરણ) માટે પ્રશુલ્ક નક્કી કરવા અંગેની શરતોની વિગતે જોગવાઇ કરી છે.

## ૨૦૦૫-૦૬ના વર્ષમાં જાહેર કરેલ વિનિયમો : ખુલ્લા પ્રવેશનો વિનિયમ

### જાહેરનામા તારીખ : ૨૯ સપ્ટેમ્બર-૨૦૦૫

આ વિનિયમ ગ્રાહકો માટે રાજય પ્રવાહન યુટિલિટિ અને વિતરણ યુટિલિટિના નેટવર્કની સુલભતા માટે જોગવાઇ કરે છે. લાંબાગાળાના અને ટૂંકાગાળાના ગ્રાહકો માટે વીજળીના વ્હીલીંગની જોગવાઇ કરવાની રહેશે. ક્ષમતા, ઘીચતા, અવરોધો કારણભૂત બનતાં હોવા છતાં લાંબાગાળાના ખુલ્લા પ્રવેશના ગ્રાહકોને અગ્રતા આપવામાં આવશે. ક્ષમતા મર્યાદિત હોય અને ટૂંકાગાળાનો પ્રવેશ મેળવવાનો હોય તો, સંબંધિત એસએલડીસી(SLDC) ફેકસ/ઇ-મેઇલ દ્વારા ત્વરિત બોલીઓ મંગાવી શકશે.

નેટવર્ક પ્રવેશ(સુલભતા) માટેના ચાર્જમાં પ્રવાહન/વ્હીલીંગ ચાર્જ, ક્રોસ સહાયકી સરચાર્જ, વધારાનો સરચાર્જ, અનુસૂચિત અને સિસ્ટમ સંચાલન ચાર્જ તથા આંતર્-રાજય એબીટી આધારિત યુ.આઇ ચાર્જનો સમાવેશ થાય છે. ખુલ્લો પ્રવેશ, તબક્કાવાર દાખલ કરાશે. જેમાં પ્રથમ તબક્કો, ૫ મે.વોટના વીજભારથી શરૂ કરાશે. અને આંતરૂરાજ્ય એબીટીનો અમલ થાય તે બાદ અથવા ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ બેમાંથી જે મોડું હોય તે પ્રમાણે શરૂ કરવામાં આવશે. ૧ મે.વો.થી સમતુલ્ય કે તેથી વધુ વીજભાર માટેનો બીજો તબક્કો, પ્રથમ તબક્કો પૂરા થયાના ૨ વર્ષ પછી શરૂ થશે.

## સલાહકારની નિમણૂંક અંગેનો વિનિયમ :

### જાહેરનામા તારીખ : ૨૯ ઓક્ટોબર,૨૦૦૫

સલાહકારોની નિમણૂંક અને પસંદગી પ્રક્રિયા વિધિવત કરવા વિનિયમમાં પસંદગી પ્રક્રિયા અને માપદંડ નિર્દિષ્ટ કર્યા છે. આયોગે, વિચારવાના મુદ્દા અંગેના દસ્તાવેજો મોકલવાની સાથે પ્રક્રિયા શરૂ થાય છે, જે અંગે રસ ધરાવતા સલાહકારોએ દરખાસ્ત દસ્તાવેજ માટે વિનંતી રજૂ કરવાની હોય છે. દરખાસ્તની સાથે ટેકનિકલ અને નાણાકીય દરખાસ્તો રાખવાની હોય છે. નાણાકીય મૂલ્યાંકન દરખાસ્ત માટે પાત્ર ટેકનિકલ દરખાસ્ત રજૂ કરનાર સલાહકારોને માત્ર પસંદ કરવામાં આવે છે. ટેકનિકલ અને નાણાકીય સ્કોર/આંક યોગ્ય રીતે ધ્યાનમાં લઇને આયોગ તેના વિવેકાધિકાર પ્રમાણે આખરી પસંદગી કરે છે.

## વિતરણ પરવાનેદારો દ્વારા સહ-ઉત્પાદન અને નવીકરણપાત્ર સ્ત્રોતોમાંથી વીજળી પ્રાપ્તિ :

### જાહેરનામુ તારીખ : ૨૦ ઓક્ટોબર-૨૦૦૫

દરેક વિતરણ પરવાનેદારે દર વર્ષે ન્યૂનતમ વીજળીનો જથ્થો ફરજિયાત ખરીદવાનું નિર્દિષ્ટ કરીને અને સ્થાપિત શક્તિને લક્ષમાં લીધા વિના નવીકરણપાત્ર વીજળી ઉર્જા ઉત્પાદન કરતી કોઇપણ વ્યક્તિ માટે અનિવાર્ય ખુલ્લા પ્રવેશને આદેશમૂલક બનાવીને, ભારત સરકારના અથવા ગુજરાત સરકારના બિનપરંપરાગત ઉર્જા સાધન મંત્રાલયે મંજૂર કર્યા મુજબના મીની હાયડલ, પવન, સૌર્ય, જૈવિક-દ્રવ્ય (ખાંડની મિલોના સહ-ઉત્પાદન સહિત) શહેરી/મ્યુનિસિપલ કચરો અથવા આવાં બીજાં નવીનીકરણપાત્ર ઉર્જા સાધનોમાંથી વીજ-ઉત્પાદન કરવાનું આ વિનિયમથી પ્રોત્સાહન અપાય છે. ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮નાં નાણાકીય વર્ષો માટે ખરીદી કરવાની ઉર્જાનું પ્રમાણ, કુલ ઉત્પાદિત નવીનકરણપાત્ર ઉર્જાનું ૧% રાખવામાં આવ્યું છે, જ્યારે ૨૦૦૮-૦૯ ના નાણાકીય વર્ષ માટે કુલ નવીકરણપાત્ર ઉત્પાદિત ઉર્જાનું પ્રમાણ ૨% રાખ્યું છે.

આયોગ, વીજળી પ્લાન્ટ અંગે બળતણનો પ્રકાર, બજાર-જોખમ, પર્યાવરણલક્ષી લાભો સામાજિક ફાળાનો યોગ્ય વિચાર કર્યા પછી વીજળી ખરીદી અંગેના પ્રશુલ્કનો નિર્ણય કરશે. પરંતુ આ વિનિયમની જાહેરાત પહેલાં, ગુજરાત વિદ્યુત બોર્ડે કરેલા પીપીએ. તેમાં જણાવ્યા મુજબ આવી મુદત માટે લાગુ પાડવાનું ચાલુ રહેશે.

## વીજ પુરવઠા કોડ અને સંબંધિત બાબતો (પ્રથમ સુધારો)

### જાહેરનામા તારીખ : ૧૪ ડીસેમ્બર-૨૦૦૫

મૂળ જાહેરનામા નં.૧૧/૨૦૦૫ ની કલમ ૭.૬.૫ માં અને જોડાણ-બી માં સુધારો કર્યો છે. અગાઉ કલમ ૭.૬.૫ ના ક્ષેત્રમાં, ઘરેલુ અને કૃષિ ગ્રાહકોના કેસમાં નિરીક્ષણની તારીખથી ત્રણ મહિનાની મુદત માટે અને અન્ય ગ્રાહકો માટે નિરીક્ષણની તારીખથી તરત શરૂ થતી છ(૬) મહિનાની મુદત માટે વીજળીની ચોરીનું મૂલ્યાંકન કરાયું હતું. હવેથી, મૂલ્યાંકનની મુદત, નિરીક્ષણની તરત પૂર્વેથી ૧૨ મહિનાની અથવા ચોરીનો ચોક્કસ સમય, બેમાંથી જે ઓછી હોય તે મુદત રહેશે. મૂલ્યાંકનનો દર, લાગુ પડતા પ્રશુલ્કથી બે ગણો રહેશે, જે અગાઉ લાગુ પડતા ૧.૫ ગણા કરતાં ૩૩% વધુ છે.

જોડાણ-બી માં સિદ્ધાંત વિનિયમ બદલીને "મૂલ્યાંકન વિનિયમ(જુઓ કલમ ૭.૨.૪ અને ૭.૬.૫)" મૂક્યો છે. ખંડ-૩ માં પણ "બિલના યુનિટો તેમાંથી પ્રાપ્ત જથ્થામાંથી બાદ કરવા" અને ખંડ-૪ માં "જ્યાં લાગુ પડે ત્યાં, મૂલ્યાંકન બિલ તૈયાર કરતી વખતે સરકારના કર અને વેરા ઉમેરવામાં આવશે" એવા શબ્દો ઉમેરવામાં આવ્યા છે.

## મુસદ્દાના તબક્કે હોય તેવા વિનિયમો

### (૧) આયોગના સચિવ,અધિકારીઓ અને સ્ટાફ માટે સર્વિસ વિનિયમોના મુસદ્દા

તા.૨૦-૭-૨૦૦૧ ના રોજ ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમ અન્વયે આયોગે સર્વિસ વિનિયમો જાહેર કર્યા છે. આમ, છતાં વીજ અધિનિયમ ૨૦૦૩નો કાયદો અમલમાં આવ્યો ત્યારથી આયોગના કામનું ક્ષેત્ર બહુવિધ સ્વરૂપે વધી ગયું છે. તેથી સર્વિસ વિનિયમો, મુસદ્દો, ખાસ કરીને વધુ ટેકનિકલ સ્ટાફ માટેની આયોગની જરૂરીયાતોને લાગુ પડે છે. આ દિશામાં વિગતો તૈયાર થઇ ગઇ છે.

### (૨) પ્રવાહન પરવાનેદાર માટે કામગીરી ધોરણ અંગેનો મુસદ્દો

કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૦૬ની તેની પ્રશુલ્ક નીતીમાં ખાસ દર્શાવ્યું હતું કે, કેન્દ્રિય વિદ્યુત નિયંત્રક આયોગ, એક વર્ષની મુદ્દતમાં, જુદા-જુદા વોલ્ટેજ સ્તરે પ્રવાહન લાઇનો માટે મૂડી અને સંચાલન ખર્ચ , સંચાલન ધોરણો અને કામગીરી સૂચકો માટેના ધોરણો નિર્દિષ્ટ કરશે. આયોગ, આ વિનિયમ આખરી બનાવતાં પહેલાં અહેવાલની રાહ જુવે છે.

### (૩) વિતરણ પરવાનેદાર માટે વીજળી ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા માટે મુસદ્દો

લાંબાગાળાની અને મધ્યમગાળાની વીજળી પ્રાપ્તિ નિર્દિષ્ટ કરતી, વીજળી મંત્રાલયની સ્પર્ધાત્મક બોલીને માર્ગદર્શક સૂચનાઓને અનુરૂપ આ વિનિયમ ઘડવાની આવશ્યકતાની સમીક્ષા આયોગ કરી રહ્યું છે. માર્ગદર્શક સૂચનાઓ ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૬૩ને અનુરૂપ છે. બોલી બોલવાની પારદર્શક પ્રક્રિયાને લક્ષમાં રાખીને આ વિનિયમોને આખરીરૂપ અપાશે.

## (ચ) રાજ્યમાં વિતરણ પરવાનેદારની ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા, વીજળીના પ્રવાહન અને વ્હીલીંગ પર નિયંત્રક પ્રવૃતિ

### વીજળીની ખરીદી અને પ્રાપ્તિ

અગાઉ જણાવ્યા પ્રમાણે, આયોગ, વિતરણ પરવાનેદારની ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા અંગેનો મુસદ્દારૂપ વિનિયમ અંગે કામ કરી રહ્યું છે. આ વિનિયમ, સસ્તી, પરવડી શકે તેવી અને વિશ્વસનીય વીજળી ઉર્જાની જરૂરીયાતને યોગ્ય રીતે વળગી રહીને, વીજળી પ્રાપ્તિના સાધનો દ્વારા નિર્દિષ્ટ કરીને રાજ્યની અંદર વીજળીની ઘટ દૂર કરવા માંગે છે.

### વીજળીનું વ્હીલીંગ અને ખુલ્લો પ્રવેશ

સપ્ટેમ્બર, ૨૦૦૫માં ખુલ્લા પ્રવેશનો વિનિયમ જાહેર કર્યા પછી આયોગે, ખુલ્લા પ્રવેશના ગ્રાહકે નક્કી કરેલ ચૂકવવાના ખર્ચ અંગે દર્શાવતા આદેશ ફેબ્રુઆરી,૨૦૦૬માં બહાર પાડયો હતો. આદેશમાં ચૂકવવાપાત્ર પ્રવાહન ચાર્જ, વ્હીલીંગ ચાર્જ અને ક્રોસ સબસિડી સરચાર્જ નિર્દિષ્ટ કર્યો હતો. આયોગે કેસથી કેસના ધોરણે વધારાનો સરચાર્જ નક્કી કરવાનો છે.

## (છ) તકરારો અને મતભેદોનો ન્યાય નિર્ણય

### ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન

ગ્રાહકોની ફરિયાદોના યોગ્ય નિવારણની જરૂરીયાત પારખીને, ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૪૨(૫)માં વિતરણ પરવાનેદારોએ ગ્રાહક ફરિયાદના નિવારણ માટે ફોરમ સ્થાપવાનું આવશ્યક ગણ્યું છે. આ ઉપરાંત તેમાં,

ફોરમના નિર્ણયો સામે રજૂઆત કરવા ઓમ્બુડસમેનની કચેરી પણ સ્થાપવાની જોગવાઇ કરી છે. આ ઉપરાંત વિતરણ પરવાનેદારો, ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે બીજા વધારાના માર્ગો ઉભા કરી શકે.

આયોગે આ અંગે વિનિયમો જાહેર કર્યા હતા અને વિનિયમને અનુસરીને, રાજ્યમાં કામ કરતા છ તમામ વિતરણ પરવાનેદારોએ ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ફોરમ સ્થાપ્યાં છે. આયોગ, તેમના ત્રિમાસિક અહેવાલો મેળવીને આવા ફોરમની કામગીરી પર દેખરેખ રાખે છે.

આયોગે પણ ઓમ્બુડસમેનની કચેરી સ્થાપી છે. ફોરમના હુકમ સામે કોઇપણ રજૂઆત ઓમ્બુડસમેનની કચેરીમાં દાખલ કરાય છે અને ઓમ્બુડસમેન, ૨૦૦૫ના ઓમ્બુડસમેન સ્થાપના વિનિયમોમાં વર્ણવેલ તેના અધિકારક્ષેત્ર અનુસાર જરૂરી હુકમો આપે છે. ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષ માટે, ઓમ્બુડસમેનની કચેરીમાં કરાયેલી રજૂઆતોને વિગતો નીચે પ્રમાણે છે.

| ઓમ્બુડસમેન સમક્ષ નોંધાયેલ રજૂઆતોની સંખ્યા | નિકાલ કરાયેલ રજૂઆતોની સંખ્યા | બાકી રજૂઆતોની સંખ્યા |
|---|---|---|
| ૮ | ૭ | ૧ |

મળેલી રજૂઆતોનું સ્વરૂપ અને સંબંધિત ફોરમ સામેની રજૂઆતોની સંખ્યા અનુક્રમે જોડાણ-૪.૧ અને જોડાણ-૪.૨માં આપી છે.

ફોરમ અને ઓમ્બુડસમેનના સ્તરે ફરિયાદોના નિવારણની કામગીરી અને તંત્ર વ્યવસ્થાના કાર્યોની ચર્ચા કરવા અને સમીક્ષા કરવા આયોગે ૫મી, જાન્યુઆરી,૨૦૦૬ના રોજ બેઠક યોજી હતી.

## (૪) આયોગે બજાવેલાં બીજા કાર્યો

### ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા યોજાયેલ પરિસંવાદો/પરિષદો/ વર્કશોપ

તા.૨૯થી૩૦ સપ્ટેમ્બર-૨૦૦૫ના રોજ વડોદરા ખાતે ઇલેક્ટ્રીકલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસીએશન(ERDA) દ્વારા અને આયોગ દ્વારા સહ-પુરસ્કૃત "રીએક્ટીવ પાવર" પરનો રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો હતો. સીસ્ટમમાં રીએકટીવ પાવરના પ્રશ્નો અને તે હલ કરવાની પદ્ધતિઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ઇઆરડીએ, વડોદરા અને દેશની ખ્યાતનામ મીટર મેન્યુફેકચરર્સ સહયોગમાં ૪થી, ઓક્ટોબર-૦૫ના રોજ મહાત્મા ગાંધી હોલ, અમદાવાદ ખાતે આયોગે "MRI Interpretation" પર વર્કશોપ યોજ્યો હતો. જુદા-જુદા પ્રકારના મીટરો(એબીટી કોમ્પ્લાયન્ટ સહિત), તેનું વાંચન અને અર્થઘટનને લગતી જાગરૂકતા પેદા કરવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું.

૯મી, ડીસેમ્બર-૦૫ના રોજ ફોર્ચ્યુન લેન્ડમાર્ક હોટલ ખાતે "Intra State ABT: issues & challenges" પર વર્કશોપનું આયોજન કરાયું હતું, અન્ય નિયંત્રક આયોગોમાંથી સભ્યો અને સ્ટાફ તથા ઉદ્યોગ, વીજળી યુટિલિટી, વગેરેમાંથી વિવિધ સ્ટેક હોલ્ડરોને આમંત્રિત કરાયા હતાં. આનો ઉદ્દેશ રાજ્યમાં આવી રહેલા એબીટી ક્ષેત્રને સંબંધિત જાગરૂકતા પેદા કરવાનો હતો.

### તાલીમ કાર્યક્રમો

આયોગના સ્ટાફે નીચે મુજબના જુદા-જુદા તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

હાજરી આપેલ હોય તે તાલીમ

| અનુ. નં. | કાર્યક્રમ/તાલીમની વિગતો | તારીખ | હાજરી આપી |
|---|---|---|---|
| ૧. | ઇએસસીઆઇ, હૈદરાબાદ ખાતે પ્રશુલ્ક સંરચના અને પૃથ્થકરણ | ૨૫ જુલાઇ થી ૨૯ જુલાઇ-૨૦૦૫ | શ્રી.કૃણાલ એલ કાયસ્થ વહીવટી અધિકારી |
| ૨. | ઇએસસીઆઇ, હૈદરાબાદ ખાતે વિતરણ વેપારમાં નાણાકીય વ્યવસ્થા | ૨૩ થી ૨૭ જાન્યુઆરી-૨૦૦૬ | શ્રી.બી.પી.કુંડલીયા નાયબ નિયામક |
| ૩. | આઇઆઇટી, દીલ્હી ખાતે કન્ડીશન મોનીટરીંગમાં તાજેતરની પ્રગતિ | ૨૮ થી ૩૦ નવેમ્બર-૨૦૦૫ | શ્રી.ડી.આર.પરમાર વહીવટી અધિકારી |
| ૪. | વારાણસી ખાતે NPTI, IT-BHU & Power Grid દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય પરિષદ- બીન નિયંત્રિત ક્ષેત્રમાં સીસ્ટમ સંચાલન | ૬ થી ૭ માર્ચ-૨૦૦૬ | શ્રી. એસ.આર.પાંડે નાયબ નિયામક |

## સ્ટાફ દ્વારા વિદેશની મુલાકાત

આયોગના ત્રણ નાયબ નિયામકો અને સચિવ, યુ.એસ.એ.માં ફ્લોરિડા યુનિવર્સિટી ખાતે ૬ જૂન-૨૦૦૫થી ૧૭ જૂન-૨૦૦૫ના રોજ યોજાયેલ "યુટિલિટિ રેગ્યુલેશન સ્ટ્રેટિજી એટ પીયુઆરસી" અંગેના આંતરરાષ્ટ્રીય તાલીમ અભ્યાસ ક્રમમાં હાજરી આપી હતી. આ તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ, પૂર્વ જરૂરી સગવડોના બજાર વિકાસની નિયંત્રક પ્રક્રિયા અંગે વ્યવહારૂ સૂઝ આપીને, વિશ્વભરના નિયંત્રકોની આર્થિક, ટેકનિકલ અને નિર્ણય લેવાના કૌશલ્યને વધારવાનો હતો.

૨૬ થી ૩૦ સપ્ટેમ્બર, આયોગના સચિવે, ઇસ્લામાબાદ(પાકિસ્તાન) ખાતે ઉર્જા અંગે દક્ષિણ એશિયા પ્રાદેશિક પહેલ અને યુ.એસ. સહાય પુરસ્કૃત "દક્ષિણ એશિયાના પ્રદેશમાં નવી રચાયેલી નિયંત્રણ સંસ્થાઓમાં વીજળી ક્ષેત્રના પ્રશુલ્ક અને દર-નિર્ધારિણ" અંગેના વર્કશોપમાં હાજરી આપી હતી.

## ફોઇર FOIR બેઠકો- આયોગની મુલાકાત

કેટલાક રાજ્યોના વીજળી સુધારાઓમાં નિયંત્રક વિકાસની ચર્ચા કરવા, આયોગે નીચેની તારીખોએ ભારતીય નિયંત્રક ફોરમની ત્રણ બેઠકોમાં હાજરી આપી હતી.

| અનુ. નં. | ફોઇર બેઠક | તારીખ | હાજરી આપી |
|---|---|---|---|
| ૧. | છઠ્ઠી વાર્ષિક સામાન્ય સભાની બેઠક | ૮-૬-૨૦૦૫ | શ્રી.કે.પી.ગુપ્તા, સભ્ય (F)<br>શ્રી.મનમોહન, સભ્ય (T) |
| ૨. | ફોઇર-FOIR સમિતીની ત્રીજી બેઠક | ૮-૭-૨૦૦૫ | શ્રી.મનમોહન, સભ્ય (T) |
| ૩. | સામાન્ય સભાની ૧૮મી બેઠક | ૧-૧૨-૦૫ થી ૨-૧૨-૦૫ વચ્ચે | શ્રી.કે.પી.ગુપ્તા, સભ્ય (F)<br>શ્રી.મનમોહન, સભ્ય (T) |

## નિયંત્રકોનું ફોરમ (FOR)- અધ્યક્ષની મુલાકાત

વીજળી મંત્રાલયના ૧૬ ફેબ્રુઆરી-૨૦૦૫ના જાહેરનામા મારફત વીજળી અધિનિયમનની કલમ ૧૬૬(૨) હેઠળ રચાયેલ નિયંત્રક ફોરમની પહેલી બેઠક ૨૮ એપ્રીલ-૨૦૦૫ના રોજ નવી દીલ્હી ખાતે અને બીજી બેઠક ૨૯ ડીસેમ્બર-૨૦૦૫ના રોજ રાખવામાં આવી હતી. બેઠકોમાં, ફાજલ કેપ્ટીવ પાવરનો ઉપયોગ, વેપારની વીજળીની કિંમત વધારવી, ગ્રાહક હિમાયત તંત્ર વ્યવસ્થા અને પ્રશુલ્ક નીતિમાંથી ઉભા થતા પ્રશ્નોને લગતા વિસ્તૃત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## સંકલન ફોરમ બેઠક

વીજળી અધિનિયમની કલમ ૧૬૬(૪) અન્વયે રચાયેલ સંકલન ફોરમની પ્રથમ બેઠક ૧૮ મે-૨૦૦૫ના રોજ યોજાઇ હતી. બેઠકનો ઉદ્દેશ ગુજરાત રાજ્યમાં વીજળી સીસ્ટમના સુગમ અને સંકલિત વિકાસ માટેના પ્રશ્નોની ચર્ચા કરવાનો હતો.

## આયોગ માટે નાણાકીય જોગવાઇઓ

શરૂઆતમાં આયોગને રાજ્ય સરકારની અંદાજપત્રિય જોગવાઇમાંથી નાણાં મળતા હતાં. અલબત્ત ૨૦૦૩નો વીજળી અધિનિયમ ઘડાતાં, રાજ્ય સરકારે વીજળી નિયંત્રક આયોગ માટે ફંડની સ્થાપના કરી હતી. ૨૦૦૫ના ફી, દંડ અને ચાર્જ વિનિયમમાં દર્શાવ્યા પ્રમાણે ફી, દંડ, ચાર્જ, લાઇસન્સ ફી વિગેરેમાંથી થતી આવક ફંડનો ભાગ બને છે.

## ૫. હિસાબનું વાર્ષિક નાણાંકીય પત્રક

### ૩૧ મી માર્ચ ૨૦૦૬ ના રોજ મુજબ સરવૈયું

| કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારી | રકમ રૂ. | |
|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ |
| કોર્પસ/ ગુ.વિ.નિ આયોગ મૂડી ફંડ | ૬,૫૦,૦૬,૩૩૦.૫૨ | ૧,૫૦,૦૬,૩૩૦.૫૨ |
| અનામત અને પુરાંત | ૪૮,૩૦,૧૯૬.૮૩ | ૦.૦૦ |
| અંકીત દેણગી ફંડ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીનાં નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| બિન તારણવાળી લોન અને ઉછીનાં નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| વિલંબિત ધિરાણ જવાબદારીઓ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઇઓ | ૦.૦૦ | ૧,૭૫,૯૩૪.૦૦ |
| **સરવાળો** | **૬,૯૮,૩૬,૫૨૭.૩૫** | **૧,૫૧,૮૨,૨૬૪.૫૨** |
| **અસ્કયામતો** | | |
| સ્થાયી અસ્કયામતો | ૩૫,૬૯,૫૬૮.૨૧ | ૫૬,૯૬,૭૨૮.૩૧ |
| અંક્તિ/દેણગી ફંડોમાંથી મૂડી રોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| મૂડી રોકાણો-અન્ય | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ, અસ્કયામતો, લોન, પેશગીઓ | ૬,૬૨,૬૬,૯૫૯.૧૪ | ૯૪,૮૫,૭૨૮.૩૧ |
| પ્રકીર્ણ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો** | **૬,૯૮,૩૬,૫૨૭.૩૫** | **૧,૫૧,૮૨,૨૬૪.૫૨** |

# આવક અને ખર્ચનું પત્રક

## ૩૧ મી માર્ચ ૨૦૦૬ને રોજ પૂરા થતાં વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ

| કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારી | રકમ રૂ. | |
|---|---|---|
| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ |
| વેચાણ/સર્વિસમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| અનુદાન/સહાયક | ૧૦,૪૦,૦૦૦.૦૦ | ૧,૨૫,૦૦,૦૦૦.૦૦ |
| ફી અને ચાર્જ | ૬,૬૮,૦૮,૬૭૫.૦૦ | ૪૫,૫૩૦.૦૦ |
| મૂડી રોકાણમાંથી આવક(મૂડી રોકાણ અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંક્તિ/દેણગી ફંડમાંથી આવક) | ૦.૦૦ | ૦.૦૦ |
| રોયલ્ટી, પ્રકાશનો વગેરેમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૨૩,૧૫,૯૩૭.૮૩ | ૨,૩૩,૫૫૬.૦૦ |
| અન્ય આવક | ૨૦,૨૯૩.૦૦ | ૮૫,૩૨૦.૦૦ |
| તૈયાર માલના સ્ટોકમાં વધારો/ ઘટાડો અને ચાલુ કામ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો (ક)** | **૭,૦૧,૮૪,૯૦૫.૮૩** | **૧,૨૮,૬૪,૪૦૬.૦૦** |
| ખર્ચ | | |
| મહેકમ ખર્ચ | ૬૫,૧૧,૮૧૯.૦૦ | ૫૩,૮૬,૨૨૧.૫૦ |
| અન્ય વહીવટી ખર્ચ, વગેરે | ૬૫,૯૯,૯૩૬.૦૦ | ૭૮,૪૯,૦૨૫.૦૦ |
| અનુદાન, સહાયકી, વગેરે અંગે ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘસારો(અનુસૂચિ-૮ ને અનુરૂપ વર્ષને અંતે ચોખ્ખો સરવાળો) | ૨૨,૪૨,૯૫૪.૦૦ | ૨૯,૧૦,૯૮૪.૦૦ |
| **સરવાળો (ખ)** | ૧,૫૩,૫૪,૭૦૯.૦૦ | ૧,૬૧,૪૬,૨૩૦.૫૦ |
| ખર્ચ અને આવક કરતા વધુ સિલક (ક-ખ) | ૫,૪૮,૩૦,૧૯૬.૦૦ | -૩૨,૮૧,૮૨૪.૫૦ |
| ખાસ અનામત ખાતે તબદીલી(દરેક નિર્દિષ્ટ કરવું) | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૦.૦૦ |
| સામાન્ય અનામત ખાતે/માંથી તબદીલી | ૪૮,૩૦,૧૯૬.૮૩ | ૦.૦૦ |
| સિલક બાકી જમા રકમ હોઇ સરવૈયામાં તબદીલ કરી | **૦.૦૦** | **-૩૨,૮૧,૮૨૪.૫૦** |

# જોડાણ : ૧.૧

## ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન નિકાલ કરાયેલ અરજીઓની વિગતો

| ક્રમ | અરજી નં. | કોના દ્વારા દાખલ કરાઇ | વિષય |
|---|---|---|---|
| ૧. | ૫૪/૦૧ | ભાવનગર જીલ્લા લઘુઉદ્યોગ એસોસીએશન | વીજળી ઉર્જા પુરવઠાની શરતો અને પ્રકીર્ણ ચાર્જ સુધારવા |
| ૨. | ૮૪/૦૨ | ભારતીય કિસાન સંઘ | ઓછામાં ઓછા એક મહિના અગાઉ સમય-પત્રક જાહેર કરવા ખેત વિષયક જોડાણો માટેની નીતિ ઘડવી. |
| ૩. | ૮૫/૦૨ | ભારતીય કિસાન સંઘ | એ જી નોર્મલ એન ડી યોજના માટે નીતિ ઘડવી |
| ૪. | ૮૬/૦૨ | ભારતીય કિસાન સંઘ | આટલા લાંબા સમયથી રાહ જોઇ રહેલ એ જી નોર્મલ અને એન ડી યોજનાના નિકાલ માટે નીતિ ઘડવી. |
| ૫. | ૮૭/૦૨ | ભારતીય કિસાન સંઘ | વિવિધ હેતુસર ગુ.વિ.બોર્ડ દ્વારા અપાયેલ અંદાજોની ચુકવણીની અધિકતમ સમય-મર્યાદા નક્કી કરવા ખેત-ગ્રાહકો માટે નીતિ ઘડવી. |
| ૬. | ૯૪/૦૨ | ભારતીય કિસાન સંઘ | વીજ-કાપ નીતિ ઘડવી. |
| ૭. | ૯૮/૦૩ | એ.એચ.ઇસ્પાત લિમિટેડ | અધિકતમ માંગ, કરાર માગના ૫% કરતા વધે ત્યારે HTP-IV પ્રશુલ્ક લાગુ પાડવા અંગે |
| ૮. | ૯૯/૦૩ | કેયૂર ઇસ્પાત લિમિટેડ | અધિકતમ માંગ, કરાર માગના ૫% કરતા વધી જાય ત્યારે HTP-IV પ્રશુલ્ક લાગુ પાડવા અંગે |
| ૯. | ૧૨૦/૦૩ | એઆઇએ એન્જિ. પ્રાયવેટ લિમિટેડ | જૂથ એકમોને ડિસેમ્બર-૧૯૯૮થી માર્ચ ૧૯૯૯ ની મુદત માટે HTP-IV રિફંડ મંજૂર કરવું/ અમલી કરવું |
| ૧૦. | ૧૩૯/૦૩ | ભારતીય કિસાન સંઘ | "બ્રેક ઇવન માર્જીન" બંધ કરી નાબૂદ કરવા અને તેનું રિફંડ |
| ૧૧. | ૨૫૭/૦૩ | ગેરિસન એન્જીનીયર(સ્વતંત્ર) એરફોર્સ | અતિશય માગણા વધારાના ચાર્જની માંગણી કરવા બાબત ચાર્જ નાખવા બાબત |
| ૧૨. | ૨૫૮/૦૩ | તેરાપંથી ફુડસ લી. | ખર્ચ પર વ્યાજ સહિત TOUની અતિ ચુકવણીનું રિફંડ |
| ૧૩. | ૭૯૯/૦૪ | ગુજરાત વિદ્યુત બોર્ડ | ટ્રેડીંગ લાઇસન્સ આપવું |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | ૮૨૯/૦૪ | ગુજરાત ગેસ કંપની લી. | HTP-II દરને બદલે HTP-I દર માટે લાગુ કરવા ગુજરાત વિદ્યુત બોર્ડને સૂચના આપવી |
| ૧૫. | ૮૩૦/૦૪ | માયાબેન રામદાસ તિવારી | અંદાજી રકમ ચૂકવ્યા છતાં પણ એક ફેઝનું જોડાણ છૂટું ન કર્યુ. |
| ૧૬. | ૮૪૨/૦૫ | સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશન | ઉભાં કરેલ વીજળી બિલોમાંથી વસૂલાત અટકાવવા ગુજરાત વિદ્યુત બોર્ડને સૂચના આપવી |
| ૧૭. | ૮૪૩/૦૫ | ઇન્ડીયન રેયન એન્ડ ઇન્ડસ્ટ્રીયલ લિમિટેડ | ખુલ્લા પ્રવેશના ગ્રાહક માટે |
| ૧૮. | ૮૫૧/૦૫ | સ્ટીલકાસ્ટ લિમિટેડ | કંપનીના જૂથમાંથી વીજળીનું વ્હીલીંગ અંગે કરાર માગમાં સીમાંત વધારો |
| ૧૯. | ૮૪૫/૦૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર | TPAEC ના કૃષિ ગ્રાહકો માટે પ્રશુલ્ક |
| ૨૦. | ૭૭/૦૨ | CERS | ગુજરાતમાં વીજળી કટોકટી |
| ૨૧. | ૮૨/૦૨ | (CERS) ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી | ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા સંલગ્ન વીજભારની અને ન્યૂનતમ ચાર્જની ખોટી અને ગેરકાયદેસર ગણતરી |
| ૨૨. | ૮૮/૦૨ | ગુજરાત વિદ્યુત બોર્ડ | કૃષિ વિષયક જગ્યાઓ પર મીટરો ગોઠવવાં |
| ૨૩. | ૯૦/૦૨ | ગુજરાત વિદ્યુત બોર્ડ | વીજળી ખરીદીનું ખર્ચ ઓછું કરવા હાલની વ્યવસ્થાની સમીક્ષા કરવી |
| ૨૪. | ૯૩/૦૨ | ગુજરાત સરકાર(ઉદ્યોગ અને ખાણ વિભાગ) | લઘુ ઉદ્યોગ/નાના ક્ષેત્રના પ્રકારમાં આવતા કાપડ ઉદ્યોગના યંત્રસાળ વિભાગ માટે સહાયકી તરીકે ખાસ રાહત |
| ૨૫. | ૧૨૯/૦૩ | ટોરેન્ટ પાવર, અમદાવાદ-વીજળી કંપની | વ્હીલીંગ ચાર્જ માટે |
| ૨૬. | ૧૩૨/૦૩ | ટોરેન્ટ પાવર, અમદાવાદ-વીજળી કંપની | વ્હીલીંગ ચાર્જ માટે |
| ૨૭. | ૧૩૩/૦૩ | લોકશાહી સુરક્ષા સંગઠન | ગેરકાયદેસર અને બિનધિકૃત રીતે પ્રશુલ્ક વસૂલ કરવું |
| ૨૮. | ૧૩૬/૦૩ | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી | વીજ ઉત્પાદન અને વિતરણ યુટિલિટિની-તેની કામગીરી પર દેખરેખ રાખીને ગ્રાહક ચાર્ટર અમલમાં મૂકીને-જવાબદારી |

| | | | |
|---|---|---|---|
| ૨૯. | ૧૭૪/૦૩ | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી | પ્રકીર્ણ ખર્ચ |
| ૩૦. | ૫૧૫/૦૩ | સૂરત વીજળી કંપની | વ્હીલીંગ ખર્ચ |
| ૩૧. | ૮૦૩/૦૪ | અમદાવાદ વીજળી કંપની (અ.વી.કંપની) | IDFC દ્વારા મંજૂર કરાયેલ નાણાકીય સહાય માટે જામીનગીરીના ભાગ તરીકે લાઇસન્સ આપવા માટે |
| ૩૨. | ૮૧૦/૦૪ | આરતી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | પોતાના ચાર યુનિટોને ફાજલ વીજળી પુરવઠો |
| ૩૩. | ૮૧૩/૦૪ | અમદાવાદ વીજળી કંપની | PPA ની મંજૂરી માટે |
| ૩૪. | ૮૧૪/૦૪ | S.E.C- | PPA ની મંજૂરી માટે |
| ૩૫. | ૮૨૧/૦૪ | માંડલ ગૃપ કંપની | ન્યૂનતમ ચાર્જ વસૂલ કર્યો, પરંતુ શરતો પ્રમાણે પુરવઠો ન આપ્યો |
| ૩૬. | ૮૨૪/૦૪ | બેસ્ટ રોઝીસ બાયોટેક પ્રાયવેટ લિમિટેડ | કૃષિ પ્રવૃતિ માટે પ્રશુલ્ક અને ઔદ્યોગિક યુનિટ માટે નહીં ઔદ્યોગિક પ્રવૃતિને બદલે ખેત વિષયક પ્રવૃતિ માટે પ્રશુલ્ક નક્કી કરવું |
| ૩૭. | ૮૩૬/૦૪ | કીમ કરજણ, પીપોદરા એસોસીએશન ઓફ પર્સન્સ | પીટીશનરોની વ્હીલીંગ અને તે માટેની પ્રવહન લાઇનો |
| ૩૮. | ૮૪૦/૦૪ | આરવી ડેનિમ્સ અને એક્ષપોર્ટસ લિમિટેડ | અ.વી.કં ના લાઇસન્સવાળા વિસ્તારમાં આવેલ ગ્રાહક મથકોને પવન ઉર્જા દ્વારા ઉત્પાદીત પવન ઉર્જાના વ્હીલીંગની ઉપયોગીતા બાબતમાં ખુલાસો માગવો. |
| ૩૯. | ૮૪૭/૦૫ | ઉર્જા મંદિર એગ્રો પાર્ક કો. જન. પ્રા.લિમિટેડ | કેપ્ટિવ જનરેશન પ્લાન્ટમાંથી વીજળીના વ્હીલીંગ માટે ક્રોસ સબસીડી સરચાર્જ જતો કરવો |
| ૪૦. | ૮૫૯/૦૬ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.(GUVNL) | એઆરઆર અને પ્રશુલ્ક સુયોજન-જીયુવીએનએલ-માંથી એસઇસી દ્વારા વીજળી ખરીદી બાબતનાં પ્રશુલ્ક સુધારણા |
| ૪૧. | ૮૬૮/૦૬ | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. | મીટર વગરની કૃષિ વિષયક ગોઠવણો પર મીટરો પૂરા પાડવા વધારેલી સમય-મર્યાદા |
| ૪૨. | ૮૬૯/૦૬ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | મીટર વગરની કૃષિ વિષયક ગોઠવણો પર મીટરો પૂરા પાડવા વધારેલી સમય-મર્યાદા |
| ૪૩. | ૮૭૦/૦૬ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. | મીટર વગરની કૃષિ વિષયક ગોઠવણો પર મીટરો પૂરા પાડવા વધારેલી સમય-મર્યાદા |
| ૪૪. | ૮૭૧/૦૬ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | મીટર વગરની કૃષિ વિષયક ગોઠવણો પર મીટરો પૂરા પાડવા વધારેલી સમય-મર્યાદા |

# જોડાણ : ૧.૨

૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં વીજળી નિરિક્ષકના હુકમ સામેની નિકાલ કરેલી વિવાદ અરજીઓ

| ક્રમ | અરજી નં. | કોના દ્વારા દાખલ કરાઇ | વિષય |
|---|---|---|---|
| ૧. | ૦૫/૦૩ | અશ્વિન સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ લિ વિ. TPAL | ખામીયુક્ત મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૨. | ૧૬/૦૪ | ગુજરાત વિદ્યુત બોર્ડ, વલસાડ વિ.એમ.જી. પલ્સ મિલ્સ | ખામીયુક્ત મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૩. | ૩૦/૦૫ | આરતી ઓર્ગેનિક્સ લિ. વિ. TPAL | અ.વી.ક દ્વારા ખોટી ગણતરી- તા.૩૦-૧૨-૨૦૦૪નો હાઇકોર્ટનો ઓર્ડર |
| ૪. | ૮/૦૩ | સૂરજ ફિલામન્ટ પ્રા.લિ. વિરૂદ્ધ ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૫. | ૩૮/૦૫ | ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. બાવળા વિરૂદ્ધ કુમાર સ્પીંટેક્ષ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૬. | ૨/૦૩ | વીર પ્લાસ્ટિક વિ ગુજરાત વિદ્યુત બોર્ડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૭. | ૩/૦૩ | ચોઇસ સેનિટરી વેર ઇન્ડસ્ટ્રિઝ વિ ગુજરાત વિદ્યુત બોર્ડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૮. | ૧૦/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ, સાબરમતી વિ આઇ ઓ સી | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૯. | ૨૧/૦૪ | ઘનશ્યામ એજ્યુકેશન ટ્રસ્ટ વિ TPAL | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૦. | ૧૮/૦૪ | એન ટી પંચાલ વિ ટોરેન્ટ પાવર અમદાવાદ વીજ કંપની લિમિટેડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૧. | ૨૭/૦૪ | હોટેલ પ્લેટિનમ વિ ટોરેન્ટ પાવર અમદાવાદ વીજળી કંપની લિમિટેડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૨. | ૨૮/૦૪ | વી.સી.શાહ વિ ટોરેન્ટ પાવર અ.વીજળી કંપની લિમિટેડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૩. | ૨૯/૦૫ | રાજેશ એલોયઝ પ્ર.લિ. વિ ટોરેન્ટ પાવર અ.વીજળી કંપની લિમિટેડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | ૩૪/૦૫ | ગિતાર લેબોરેટરીઝ વિ. ટોરેન્ટ પાવર અમદાવાદ વીજળી કંપની લિમિટેડ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૫. | ૩૫/૦૫ | ધર્મજીવન ઓઇલ કેક પ્રા.લિ વિરૂદ્ધ પ.ગુ.વી.કંપની, રાજકોટ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૬. | ૦૧/૦૩ | એ.કે.ટેક્ષટાઇલ્સ વિ TPAL | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૭. | ૪૭/૦૫ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ વિ. તુષાર મિનરલ ઇન્ડસ્ટ્રીઝ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |
| ૧૮. | ૪૮/૦૫ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) વિ. મયુર પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ | ખામીભર્યા મીટરની બાબતમાં વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ |

# જોડાણ-૨.૧

આયોગની અંદર સ્થિતિ

| ક્રમ નં | જગ્યાનું નામ | મંજૂર કરેલ જગ્યાની સંખ્યા | ભરેલી જગ્યાની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પ્રતિનિયુક્તિ પર | કરાર પર | કાયમી ધોરણે | ખાલી જગ્યા |
| ૧ | સચિવ | ૧ | ૧ | - | - | - |
| ૨ | સંયુક્ત નિયામક | ૨ | - | - | - | ૨ |
| ૩ | કાનૂની સલાહકાર | ૧ | - | ૧ | - | - |
| ૪ | નાયબ નિયામક | ૫ | ૨ | - | ૩ | - |
| ૫ | હિસાબી અધિકારી | ૧ | ૧ | - | - | - |
| ૬ | માહિતી ટેકનોલોજી મેનેજર | ૨ | - | - | - | ૨ |
| ૭ | અંગત મદદનીશ | ૫ | ૨ | - | ૩ | - |
| ૮ | વહીવટી અધિકારી | ૬ | ૨ | - | ૩ | ૧ |
| ૯ | ડ્રાઇવર | ૫ | - | - | ૫ | - |
| ૧૦ | પટાવાળા | ૪ | - | - | ૪ | - |

# જોડાણ: ૩.૧

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા જાહેર કરાયેલ વિનિયમોની યાદી

| ક્રમ | વિનિયમનું નામ | જાહેરનામા નંબર | જાહેરનામાની તારીખ |
|---|---|---|---|
| ૧. | કામકાજ સંચાલન | ૨૦૦૪ નો ૨ | ૨૫-૮-૦૪ |
| ૨. | ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ઓમ્બુડસમેનની સ્થાપના | ૨૦૦૪ નો ૩ | ૨૫-૮-૦૪ |
| ૩. | ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની સ્થાપના | ૨૦૦૪ નો ૪ | ૨૫-૮-૦૪ |
| ૪. | ગ્રિડ કોડ | ૨૦૦૪ નો ૫ | ૨૫-૮-૦૪ |
| ૫. | વિતરણ કોડ | ૨૦૦૪ નો ૬ | ૨૫-૮-૦૪ |
| ૬. | અપીલતંત્ર સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપદ્ધતિ અંગે વિનિયમ | ૨૦૦૫ નો ૧ | ૭-૧-૦૫ |
| ૭. | પ્રવાહન અંગે લાયસન્સ આપવું | ૨૦૦૫ નો ૨ | ૩૦-૩-૦૫ |
| ૮. | વીજળી વેપાર માટે લાયસન્સ આપવું | ૨૦૦૫ નો ૩ | ૩૦-૩-૦૫ |
| ૯. | વીજળી વિતરણનું લાયસન્સ આપવું | ૨૦૦૫ નો ૪ | ૩૦-૩-૦૫ |
| ૧૦. | એસએલડીસી દ્વારા ફી અને ચાર્જ નાખવા અને વસૂલ કરવા અંગે વિનિયમ | ૨૦૦૫ નો ૫ | ૩૦-૩-૦૫ |
| ૧૧. | ફી, દંડ અને ચાર્જ વિનિયમો | ૨૦૦૫ નો ૬ | ૩૦-૩-૦૫ |
| ૧૨. | વીજળી સિસ્ટમ વ્યવસ્થા ધોરણો | ૨૦૦૫ નો ૭ | ૩૦-૩-૦૫ |
| ૧૩. | જામીનગીરી અનામત વિનિયમો | ૨૦૦૫ નો ૮ | ૩૧-૩-૦૫ |
| ૧૪. | વીજ પુરવઠો પૂરો પાડવા કરેલ ખર્ચ અને પ્રકીર્ણ વસૂલ કરવા પરવાનેદારની સત્તા | ૨૦૦૫ નો ૯ | ૩૧-૩-૦૫ |
| ૧૫. | વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ | ૨૦૦૫ નો ૧૦ | ૩૧-૩-૦૫ |
| ૧૬. | વીજળી પુરવઠા કોડ અને સંબંધિત બાબતો | ૨૦૦૫ નો ૧૧ | ૩૧-૩-૦૫ |
| ૧૭. | પ્રશુલ્કની શરતો | ૨૦૦૫ નો ૧૨ | ૩૧-૩-૦૫ |
| ૧૮. | ખુલ્લો પ્રવેશ | ૨૦૦૫ નો ૧૩ | ૨૯-૯-૦૫ |
| ૧૯. | સલાહકારની નિમણૂંક | ૨૦૦૫ નો ૧૪ | ૨૯-૧૦-૦૫ |
| ૨૦. | વિતરણ પરવાનેદાર દ્વારા સહ-વીજ ઉત્પાદન અને નવીકરણપાત્ર સાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ | ૨૦૦૫ નો ૧૫ | ૨૯-૧૦-૦૫ |
| ૨૧. | વીજળી પુરવઠા કોડ અને સંબંધિત બાબતો (પ્રથમ સુધારો) | ૨૦૦૫ નો ૧૧ | ૧૪-૧૨-૦૫ |

# જોડાણ: ૪.૧

## ૨૦૦૫-૦૬ના વર્ષમાં ઓમ્બુડસમેનની કચેરીમાં મળેલી ફરિયાદોનું સ્વરૂપ

| ક્રમ નં. | વિષય | સંખ્યા |
|---|---|---|
| ૧. | ફોરમ અને ઓમ્બુડસમેનના ક્ષેત્રમાં ન આવતા ચોરીના કેસ | ૧ |
| ૨. | નિયત સમય-મર્યાદામાં કૃષિ જોડાણો છૂટાં ન કર્યા | ૨ |
| ૩. | વાણિજ્યિક વપરાશને કારણે LTP-I માંથી બદલીને LTP-II પ્રશુલ્કમાં ફેરફાર | ૧ |
| ૪. | વિકાસ ખર્ચની વસૂલાત | ૧ |
| ૫. | મીટરની તકરારમાં કોર્ટમાં બાકી રહેલ કેસને કારણે લાંબા સમયની વસૂલાતપાત્ર બાકીને કારણે જોડાણ છૂટું કરવું | ૧ |
| ૬. | ગ્રાહકની માલિકીમાં ફેરફાર માટે દસ્તાવેજો વિના ફરીથી જોડાણ આપવા પરવાનેદાર દ્વારા ઇન્કાર | ૧ |
| ૭. | ઝડપથી ફરતું મીટર | ૧ |
| | કુલ | ૮ |

# જોડાણ: ૪.૨


## ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં સંબંધિત ફોરમ સામે રજૂઆતોની સંખ્યાની વિગતો

| ફોરમનું નામ | મળેલી રજૂઆતોની સંખ્યા |
|---|---|
| ટોરેન્ટ પાવર અમદાવાજ વીજ કંપની લી. | ૨ |
| DGVCL - દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ | ૨ |
| PGVCL - પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભાવનગર | ૪ |
| MGVCL - મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ | શૂન્ય |
| UGVCL - ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ | શૂન્ય |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભૂજ | શૂન્ય |
| પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ | શૂન્ય |
| TPSEL | શૂન્ય |

સંક્ષેપો :

| | |
|---|---|
| GEB | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| GUVNL | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ |
| PGVCL | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| UGVCL | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| DGVCL | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ |
| GETCO | ગુજરાત ઉર્જા પ્રવાહન કંપની લિમિટેડ |
| GSECL | ગુજરાત રાજ્ય વીજળી નિગમ લિમિટેડ |
| TPAEC/TPAL | ટોરેન્ટ પાવર અમદાવાદ વીજળી કંપની લિમિટેડ |
| TPSEC/TPSL | ટોરેન્ટ પાવર સુરત વીજળી કંપની લિમિટેડ |
| AEC | અમદાવાદ વીજળી કંપની |
| SEC | સુરત વીજળી કંપની |
| CERS | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી |
| CEI | મુખ્ય વીજળી નિરિક્ષક |
| IOC | ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ |

ELECTRICITY REGULATORY COMMISSION
Library
No.............



GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
तमसो मा ज्योतिर्गमय ।

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

પહેલો માળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૯
ગુજરાત, ભારત.
ફોન : ૯૧-૦૭૯-૨૬૫૮૦૩૫૦ ફેક્સ : ૯૧-૦૭૯-૨૬૫૮૪૫૪૨
email : gerc@gercin.org Website : www.gercin.org